સાંવત્સરિક ક્ષમાપના—ગ્રંથાંક-૮૫

(આવૃત્તિ ૩ જી)

— આમુખ. —

શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ તરફથી પ્રકટ થયેલ ગ્રન્થાંક ૮૫/શ્રી. સાંવત્સરિક ક્ષમાપનાની ત્રીજી આવૃત્તિ રજુ કરતાં આનંદ થાય છે. આ ગ્રન્થની પ્રથમાવૃત્તિ સં. ૧૯૬૪ના ભાદ્રપદ શુકલા પંચમીએ માણસા મુકામે પૂર્ણ કરી પ્રસિદ્ધ કરવામાં આવેલી. તેની બીજી આવૃત્તિ મંડળ તરફથી સં. ૧૯૮૧ના મહા સુદ ૫ ના રોજ પ્રકટ કરવામાં આવેલ તેની નકલો અપ્રાપ્ય થવાથી મંડળને આ ત્રીજી આવૃત્તિ પ્રકટ કરવા ફરજ પડી છે.

મનને રાગદ્વેષથી મુક્ત કરી ક્ષમા ગુણ પ્રકટાવનાર તથા વિકસાવનાર આ ગ્રંથ ગુરુ મહારાજે એવી રોચક અને વિશિષ્ટ શૈલીમાં રચ્યો છે કે તેના વાચકના હૃદયમાં ક્ષમા રૂપી સૂર્યનાં કિરણો પ્રકટી રાગ-દ્વેષ-મોહ-માયાનાં તિમિર ટળે અને માનવ આત્મકલ્યાણ સાધે અને મિથ્યાદુષ્કૃત કાર્યને સમજી-આદરી આત્મહિત કરી શકે, અતિ સરળતા સમતા સમભાવથી હૃદયને આર્દ્ર બનાવે અને સાંવત્સરિક પ્રતિક્રમણ કરી ગદ્ગદ્ હૃદયે વિશુદ્ધભાવથી પોતાના કટ્ટર વૈરીને પણ તે દિવસે પ્રતિક્રમણ સમયે ક્ષમા આપે અને માગે.

જૈન દર્શનમાં સાંવત્સરિક (વાર્ષિક) પ્રતિક્રમણ કરી સમસ્ત વિશ્વના જીવમાત્રને ખમાવવા અને ખમવાની ઉત્તમો-ત્તમ પ્રણાલિકા છે—તેનું રહસ્ય આ ગ્રંથ વાંચવાથી સમજવા અને અનુભવવાનું વાચકને મળશે.

આવા અત્યુપયોગી સમયસર સાવધાન કરનાર ધાર્મિક ક્રિયાઓનાં રહસ્યોને સમજાવનાર-સૌને સમજાય તેવી સરળ શૈલીના ગ્રંથો વિરલ છે, તેવા સમયે આ ગ્રંથ અવશ્ય પરમ ઉપકારી બનશે.

જગત્ જીવોને ખમાવવા 'ક્ષમાપના'ની ઉત્તમ રીતિ વિષે મંડળના ઉપ-પ્રમુખ શ્રીમાન અને તત્વજ્ઞ-ગુણાનુરાગી શ્રી ફતેહચંદ ઝવેરભાઇનું નિવેદન આ ગ્રંથમાં અપાયેલ છે જેથી ગ્રંથ વિષે અત્રે વધુ વિવેચન કર્યું નથી.

સાંવત્સરિક પ્રતિક્રમણ કરતાં યોગ્ય સમયે સર્વે જીવોને ખમાવવાના પ્રસંગે ક્ષમાપનાના સમયે-થોડોક વખત ગુરુશ્રી પોતે ક્ષમાપનાનું મહત્વ સમજાવતા હતા અને સાચા દિલથી વેર વિરોધ ખમાવવા કહેતા હતા.

આ ગ્રન્થ માત્ર જૈનોનેજ ઉપયોગી છે તેમ ન માનતાં સર્વ ધર્મવાળાઓને કર્મક્ષયની રીત બતાવવા માટે પ્રકાશ આપનાર છે તેનો સર્વેને અનુભવ થશે.

ગુરુવર્યે માત્ર અન્યોને બોધ આપવા આ ગ્રન્થ લખ્યો નથી પણ પોતે તદ્નુસાર જાગૃત રહ્યા છે અને મનુષ્ય-જન્મનું-મુનિપણાનું-સાર્થક કર્યું છે. બોધ અને આચારની ઐક્યતા અપૂર્વ કાર્યસાધક નિવડે છે.

આ ગ્રન્થની બીજી આવૃત્તિમાં ભાઈ મેઘજી હીરજી (મેઘરાજ પુસ્તક ભંડારવાળા)ને અપાયેલ અર્પણપત્રિકા ગુરુશ્રીના હૃદયની વિશાળતાનો ખ્યાલ આપે છે.

'ક્ષમાપના' કરતાં પોતે-પોતાના ગુરુશ્રી પ્રત્યે જે માન અને વિનયથી-પ્રેમથી-માફી માગી છે તેજ પ્રેમથી શિષ્યો અને ગૃહસ્થો પ્રત્યે પણ માફી ઇચ્છી છે.

ગુરુદેવના બનાવેલા આવા ગ્રંથો સમાજમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે અને આવૃત્તિઓ કાઢવી પડે છે તે તેની લોક-પ્રિયતા બતાવે છે.

શ્રી સંઘપ્રગતિ ગ્રંથ–આત્મશક્તિપ્રકાશ–અધ્યાત્મ શાંતિ–કર્મયોગ–યોગદીપક અને પ્રસ્તુત સાંવત્સરિક ક્ષમાપના–આનંદઘન પદ સંગ્રહ અને આત્મપ્રકાશ જેવા ગ્રંથોની આવૃત્તિઓ પ્રગટ થાય છે તે આનંદજનક છે. વાચકો તેનો પૂર્ણ લાભ લે તે ખાતર મૂલ્ય પણ ઓછું રખાય છે

વાચકો આ ન્હાનકડા પણ ઉપયોગી ગ્રંથને વાંચી જીવનમાં ઉતારી તેનો સંપૂર્ણ લાભ લે અને આત્મકલ્યાણ સાધી લે એ ભાવના અમર છે.

મુંબાઇ
૨૦૦૮ શ્રવણ શુદ ૮
પ્રભુ શ્રીપાર્શ્વનાથનું
મોક્ષ કલ્યાણક

મણિલાલ મોહનલાલ પાદરાકર
મંગળદાસ લલ્લુભાઇ વડિયા
ચંદુલાલ નગીનદાસ ભાખરીઆ
મંત્રીઓ

[આવૃત્તિ ચોથી]

સં. ૨૦૦૮ માં ત્રીજી આવૃતિ પ્રગટ થઇ હતી જે વાર્ષિક ક્ષમાપના માટે વધુ આદરણીય થઇ અને નકલો ખપી ગઇ જેથી આ ચોથી આવૃત્તિ ટુંક સમયમાં પ્રકટ કરવી પડી છે.

પ્રભાવના માટે અત્યુત્તમ હોવાથી જથાબંધ ખરીદ કરનારને ઓછી કિંમતે આપવામાં આવશે.

મુંબઇ
૨૦૦૯ શ્રાવણ વદિ ૧૨

લી૦
મંત્રીઓ.

निवेदन

इय खामणाय एसा चउगइमावन्नयाण जीवाण।
भावविसुद्धीइ महा कम्मखयकारणं होइ॥

"ચતુર્ગતિમા રહેલા જીવોની ક્ષમાપના ભાવ વિશુદ્ધિ-
પૂર્વક કરવાથી સર્વ કર્મક્ષયનુ કારણ બને છે."

—પ્રકીર્ણ ગાથા

સાંવત્સરિક ક્ષમાપના એ જૈન સૃષ્ટિનુ અપૂર્વ પર્વ છે કે જે અન્ય દર્શનોમા જોવામા આવતુ નથી. ચૌદપૂર્વધર શ્રીભદ્રબાહુસ્વામીકૃત પ્રાચીન કલ્પસૂત્રમા जो उवसमइतस्स आराहणा એ વાક્ય સર્વજ્ઞ કથિત સિદ્ધાતમા જીવનના આવશ્યક કાર્ય તરીકે જૈન બંધારણમા ગુંથાયલુ છે. આ ક્ષમાપનાની પૂર્વ તૈયારી રૂપે પર્યુષણ પર્વના સાત દિવસો હોય છે. ભાદ્રપદ શુક્લ ચતુર્થીએ આઠમો દિવસ આવે છે ત્યારે આત્મા, દર્શન જ્ઞાન ચારિત્ર અને તપના અનેક કાર્યો યથાશક્તિ કરી સાંજે પ્રતિક્રમણમા જગજ્જંતુઓને ખમાવવા પુરુષાર્થ-પરાયણ થયેલો હોય છે. જૈન દર્શનમા ક્ષમાપનાનો હેતુ સાધર્મિક બંધુઓને પરસ્પર દ્રવ્ય અને ભાવથી ખમાવવા માટેની મુખ્યતાવાળો હોવા છતા ચોરાશી લાખ જીવયોનિમા રહેલા આપણા સરખાજ અસંખ્યપ્રદેશી આત્માઓના જે કોઈ અપરાધ મન વચન કાયાના વ્યાપાર પૂર્વક—ક્રોધ, અભિમાન કપટ અને લોભરૂપ કષાયે કરી થયો હોય અને તે પૂર્વ જન્મોમા કે આ જન્મમા કરવામા આવેલો હોય તેની ક્ષમા અંતરાત્મસાક્ષિપૂર્વક માગી લઈ—હવે પછી નવીન અપરાધ નહિ કરવાના દૃઢ [illegible] જીવનમા પ્રગતિ કરવાની હોય છે. આમ કરવાને [illegible] સિદ્ધાંત [illegible] વર્ષે એક વર્ષમાં હોય છે [illegible] [illegible] તેને

હોય છે તેનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. દ્રવ્યક્ષમાપના અને ભાવ ક્ષમાપના કરવાથી આત્માની શુદ્ધિ થાય છે. સર્વ જીવોની સાથે આત્મભાવે વર્તવાથી આત્મા સ્વયં પરમાત્મા થાય છે; તેનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે ક્ષમાપના કરવાથી મૃગાવતી તથા ચંદના સાધ્વીની પેઠે આત્મામાં કેવળજ્ઞાન પ્રકટ થાય છે અને વૈર-દ્વેષ વિગેરે કલેશો શમી જાય છે. ભાદરવાશુદી ૪ના દિવસે તથા ભા. સુદી ૫ ના દિવસે સર્વ ગચ્છવાળાઓ મિચ્છામિદુક્કડમ્ એક બીજાનું કરે છે; પણ તેનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે આ ગ્રંથ વાંચવાથી સર્વ જૈનો સારી પેઠે સમજી શકશે અને આત્માની શુદ્ધિમાં વધી શકશે, ક્ષમાપના સંબધી અમોએ સાત આઠ કાવ્યો પ્રસંગોપાત્ત લખેલા તે પણ આ પુસ્તકમાં દાખલ કરવામાં આવ્યા છે. આ ગ્રથમાં જિનાજ્ઞા વિરુદ્ધ જે કંઇ લખાયું હોય તેની સંઘની આગળ માફી માગવામા આવે છે અને પંડિત પુરૂષો તેમા સુધારો કરશે એમ ઇચ્છવામા આવે છે. વિક્રમ સં. ૧૯૮૧ પોષ સુદી પૂર્ણિમા.

લે. બુદ્ધિસાગર-મુ. લોદરા.

ॐ नमः सरस्वत्यै.

अथ सांवत्सरिक क्षमापना ग्रन्थः

रचयिता-योगनिष्ठजैनाचार्य श्रीमद्बुद्धिसागरसूरि.

मैत्री भावना

खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ ॥१॥

ચતુર્દશ રજ્જ્વાત્મલોકસ્થિત સર્વ જીવોને હું ખમાવું છું, સર્વ જીવો ક્ષમાપના મારી સાથે કરો. આજથી મ્હારે સર્વ જીવપર મૈત્રીભાવ છે, કોઇની સાથે મારે વૈર નથી.

સર્વ જીવો મારા આત્મસમાન સુખ દુઃખની લાગણીવાળા છે, મારા પ્યારા એક સત્તામય જીવો ! તમે સુખી થાઓ, તમારી આત્મશક્તિનો પ્રકાશ કરી અનંત સુખ ભોગવો ! !

વિવેકદૃષ્ટિથી આત્મપ્રદેશ તરફ દૃષ્ટિ કરી વિચારતા મને હવે માલુમ પડે છે કે તમે ત્રસ અને સ્થાવર પ્રાણિયો મારા સજાતીય છો. હે ત્રસ અને સ્થાવર જીવો ! તમારા સંબંધમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતા હું અનંતશઃ આવ્યો છું અને તે સંબંધયોગે મેં મન વચન અને કાયાથી તમને દુઃખવ્યા હોય તો તેની ક્ષમાપના ઇચ્છું છું.

સ્વાર્થથી, ક્રોધથી, અવિચારથી, સ્વચ્છંદથી, દ્વેષથી, અજ્ઞાનાવરણાધીન બની મેં તમને અનેક પ્રકારે સંતાપ્યા હોય, તેની ક્ષમાપના અંતઃકરણથી સિદ્ધોની સાક્ષીપૂર્વક યાચું છું

અનાદિ [illegible] નાનાવિધદેહધારક જીવો ! તમે મારા આત્મા સમાનજ છો, તમે અને અમે [illegible]પ્રદેશથી એક સરખા

શો. મિત્રવર્તનને પ્રવૃત્તિમાં મૂકવાને શુદ્ધ અંતઃકરણથી પ્રતિજ્ઞા કરી મૈત્રીભાવમાં જોડાશો. બાલ્યાવસ્થાથી આરંભીને પશુ, પંખી, મનુષ્ય વિગેરે જે કોઇ જીવો તમારા સંબંધમા આવ્યા હોય, તેની સાથે તમો અનિષ્ટ સંબંધથી વર્ત્યાં—ક્રોધ, હિંસા, આદિ જે જે દોષો કરી મલિન બન્યા હો તે માટે તમારા આત્માને ખમાવો ! ! નિન્દો ! અને અન્ય જીવોને ખમાવો તેથી તમો નિર્મલ થશો.

હે મિત્રો ! તમારા મનમાં સદા શુભ વિચારો ધારણ કરો. મન તમને નઠારા વિચારમા પ્રેરે તો તુરત તમો મનને વેગ આપી શુભ વિચારમાં અને શુદ્ધ વિચારમા પ્રેરો, પ્રભુના ગુણોનું સ્મરણ વા સદ્ગુરુના વા આત્મગુણ ચિંતવનમા મનને રોકો, આત્માનુ સામર્થ્ય પ્રાપ્ત કરો ! ! આત્મા વડે આત્માનો ઉદ્ધાર થવાનો છે, પોતાના સામર્થ્યશીજ હે મિત્રે ! તમો સંસાર સમુદ્ર તરી શકશો; તમો કંઇ પણ આત્મપ્રયત્ન કરશો નહિ તો તમને આત્મસામર્થ્ય પ્રાપ્ત થનાર નથી. શ્રી વીરપ્રભુ તીર્થંકરે બાર વર્ષ અધિક આત્મધ્યાન કર્યું ત્યારે તેમણે કેવલજ્ઞાન સંપ્રાપ્ત કર્યું તમો અને તેની પેઠે સર્વે જીવો પણ સમાનભાવશીજ આત્મોન્નતિ કરવાના પ્રયત્નમા જોડાઓ, તમારા પ્રયત્નથી પ્રતિદિન તમો કંઇક આગળ વધશો, તમારો આત્મા પ્રભુતાની આગળ વધશે. કે તુરત તે આનન્દધામને પ્રાપ્ત કરશે, આનંદ પરમેશ્વર અનન્તા છે.

આપી દુઃખના ખાડામાં તમો પોતે ઉતરો છો, તેનો વિચાર કરો અને અશુભ કર્મોથી પાછા હઠો, અન્ય મિત્રજીવોને દુઃખ આપવામાં તમને ઉલટું દુઃખજ મળવાનું—એ સૂત્રની પેઠે આ વાક્ય હૃદયમાં પુનઃ પુનઃ વિચારશો. અન્ય તમારા મિત્રજીવોના આત્માઓને નહિ દુઃખવવામા તમને સુખ મળશે. જેવું વાવે તેવું લણે, આ ચીઠી કહેવતનો પરમાર્થ અંતઃકરણમાં પુનઃ પુનઃ સ્મરણ કરશો. હે મિત્રજીવો!! તમારા આત્મા સંબંધે અન્ય જીવો ક્રોધ કરે, દ્વેષ કરે, ઈર્ષા કરે કર્મ બાધે એમ થવું જોઇએ નહિ.

હે ભવ્યજીવો! તમે જો રાજા–બાદશાહ તરીકે હોવ તો, નીતિનો ત્યાગ કરી અનીતિથી પ્રજાપીડન, કોટિ જીવોનો ઘાત, વિશ્વાસઘાત. માંસભક્ષણ, દારૂપાન, વ્યભિચાર વગેરે અપકૃત્યથી દૂર રહી શુભ અને શુદ્ધ વિચારોથી આત્મોન્નતિ કરવા પ્રયત્ન સતત જારી રાખશો. સર્વ જીવોનું રક્ષણ કરનાર, સર્વ જીવોને જરા માત્ર પણ દુઃખ નહિ આપનાર આત્માઓ, વસ્તુતઃ રાજાના પણ રાજા છે

હે મિત્રજીવો! તમો વકીલાતથી પોતાનુ ગુજરાન ચલાવતા હોવ તો તમારા આત્માની ખાતર, કપટ, અસત્યવચન, વિશ્વાસઘાત, વગેરેથી દૂર રહેજો. તમારા આત્માની ઉન્નતિમા કપટ વગેરે દોષો વિઘ્નભૂત છે, તેથી તમો આત્મોદયની પ્રાપ્તિ કરી શકનારા નથી પાપથી પોતાના આત્માને બચાવવો એજ ખરી વકીલાત છે.

જો તમો, દાસ–નોકર હો તો પ્રમાણિકપણે સ્વામી નીતિના માર્ગમાં પ્રવૃત્તિ કરી પરમાત્માના દાસ બની કોઈ પણ જીવનું ભૂંડું કરશો નહિ તેમ ભૂંડાને વિચારશો પણ નહિ, તમારાથી કોઈ જીવને જરા પણ દુઃખાવવો જોઈએ નહિ.

હે મિત્રો ! તમો જો વ્યાપારી તરીકે હોવ તો અનેક પ્રકારના વ્યાપારમાં કોઇ પણ જીવોની હિંસા ન થાય, કોઈ પણ જાતનો દગો ન થાય, તેમ વર્તજો; જૂઠું બોલીને પ્રથમ પોતાના આત્માને છેતરવાનું અને પછી અન્ય જનના આત્માને છેતરવાનું અપકૃત્ય, તમો-વ્યાપાર ધંધામાં કરશો નહિ; હે મિત્રો! પ્રમાણિકપણાથી ગુજરાન ચલાવી સર્વ જીવોપર મૈત્રીભાવ ધારણ કરી ધર્મજીવનની પુષ્ટિ કરવા સતત ખરા અંતઃકરણથી પ્રયત્ન કરજો.

સર્વ કરતાં હિંસા-મિથ્યાત્વ આદિ અધર્મનો ઉપદેશ દેવો એ મોટામાં મોટું પાપ છે. અસત્ય ઉપદેશ, અસત્ય ધર્મના લેખ, જગત્માં લોકો લડી મરે એવા નિબંધ લખવાના-ઈત્યાદિ પાપોપદેશથી હે મિત્રો દૂર રહેશો. કારણ કે-તમારી વાણીથી, તમારા લેખથી જીવોનાં હૃદય દુઃખાય, હિંસા, જૂઠું, ચોરી, વ્યભિચારની વૃદ્ધિ થાય, મનુષ્યો એક બીજા ઉપર વૈરભાવની લાગણીથી દેખે અને નાત, જાત, તથા દેશમાં મારામારી થાય, તેનું પાપ મોટું છે અને તે પાપના પ્રેરકો લેખક તથા ઉપદેશક બને છે. માટે હે આત્માઓ !! તમારે સર્વ જીવોને શાંતિ મળે એવું વર્તન રાખવું જોઇએ.

સત્ય ઉપદેશ, સત્ય લેખ અને સત્ય ગ્રંથ બનાવવા સમાન કોઇ ઉપકાર-ધર્મ નથી. અર્થાત્ સત્ય વસ્તુનો ઉપદેશ દેવાથી અને સત્યગ્રંથ લખવાથી સત્ય ધર્મની પ્રાપ્તિ થાય છે. માટે પ્રેમી બન્ધુઓ !!! રાગ દ્વેષનો નાશ થાય, સર્વજીવો દયાધર્મનું સેવન કરે એવો ઉપદેશ આપો અને એવા લેખ તથા ગ્રન્થો લખો.

આજીવિકાનિમિત્ત ઉપદેશ દેવાનું કામ કરવું એ કંઇ

દુઃખાય છે તેથી તે જીવના આત્માને દુભવવો તે પણ એક જાતની હિંસા ગણીને દયાવંત પુરૂષો કોઇને ગાળ દેતા નથી. અન્યપુરુષની નિન્દા કરવાથી પણ દ્વેષ કલેશની લાગણીઓ પ્રકટે છે, અને તેથી એક જાતની હિંસા થાય છે માટે ઉત્તમ દયાવંત પુરુષો કોઇ પણ જીવની નિન્દા કરતા નથી.

દુનિયાની ઉન્નતિ રજોગુણ અને તમોગુણથી થતી નથી; માટે રજોગુણથી અને તમોગુણથી દૂર રહી સાત્વિકગુણથી આત્મોન્નતિ કરવામાં કોઈ જીવની લાગણી દુઃખવવાનો પ્રસંગ આવતો નથી. રજોગુણ અને તમોગુણથી પોતાના આત્માની હિંસા થાય છે. અને અન્યના આત્માઓની પણ હિંસા થાય છે.

હિંસા કરવાનો પણ વિચાર અશુભ હોવાથી પોતે પોતાના આત્માની અવનતિ કરે છે. અશુભ વિચારથી પાપ છે અને શુભવિચારથી પુણ્ય થાય છે, માટે પ્રેમી આત્માઓ !! અશુભ વિચારથી દૂર રહો. ઉન્નતિ ખરેખર તમારા વિચામા સમાઈ છે.

સ્વાર્થ અને સ્વચ્છંદી ખરાબ વિચાર કરવાથી પોતાનો આત્મા, દુ ખની સ્થિતિમા આવી પડે છે. તેથી પોતાના આત્માની દયા થઇ શકતી નથી, તેમજ અન્ય સંબંધી ખરાબ વિચાર કરવાથી પણ આત્મા, દયાધર્મનું સેવન કરી શકતો નથી

હે જીવ-મિત્રો! તમો જપ જપો, આખ મીંચી ધ્યાન કરો. પ્રભુદર્શન-પૂજન કરો. પણ તમોએ જ્યાંસુધી સર્વ જીવોની સાથે મૈત્રીભાવ ધારણ કર્યો નથી ત્યા સુધી પૂર્વોક્ત અનુષ્ઠાનો યથયોગ્ય સફલ થઈ શકતા નથી, માટે તપ-જપ કરતા પણ મૈત્રીભાવની ખાસ આવશ્યક્તા છે.

હે મિત્ર જીવો ! તમારો આત્મા જે જે કારણોથી દુ ખ પામે છે, તેમોજ પરનો આત્મા પણ તે તે કારણોથી દુ ખ પામે

છે. માટે પરના પ્રાણને દુઃખવવાનો સંકલ્પ તથા વર્તન સ્વપ્નમાં પણ થાય નહિ તેવું મૈત્રીભાવવાળું સદ્વર્તન સતત કરશો. કર્મસંયોગે અનાદિકાળથી પરિભ્રમણ કરતા એવા લેખકના દેહસ્થિતઆત્માએ જીવોને દુઃખ થાય એવું કાર્ય કર્યું હોય તેને પુનઃ પુનઃ ખમાવે છે.

હે જીવમિત્રો! તમો સમજશો કે નાના અને મોટા શરીરોમા સંકોચ–વિકાસ સ્વભાવવાળો અસંખ્યપ્રદેશીઆત્મા એક સરખો વ્યાપીને રહ્યો છે. તે આત્મા ભૂત, જીવ, એવા નામોથી ઓળખાય છે, તે આત્માને આનંદમા રાખવો એજ સત્ય આતરદયાની પ્રવૃત્તિ સમજશો; પણ તેમાં વિશેષ કહેવાનું છે કે વૈષયિક બાહ્યાનન્દથી ભિન્ન સત્ય આત્માનંદજ આદરવા યોગ્ય છે. માટે બાહ્ય વિષયના આનંદમા ખુશ ન થતા અન્તરના આનંદને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશો. આન્તરિક આનંદ પ્રાપ્તિનું કારણ મૈત્રીભાવના દ્વારા આત્મધ્યાન જ છે.

હે મિત્રો! તમારા પશુઓ, તમારા નોકરો અને તમારાં પાળેલા પંખીઓનો આત્મા એક સરખો છે. વસ્તુગતે આત્માઓના શુદ્ધ સ્વરૂપપ્રતિ દૃષ્ટિ દઇએ તો પ્રત્યેક આત્માઓ એક સમાન છે. કોઇ આત્મા ઉચ્ચ કે નીચ નથી. ઉચ્ચ અને નીચપણું કર્મજનિત સમજી કોઇને નીચ દુર્જન આદિ શબ્દો કહી દુઃખવશો નહિ, કર્મયોગે ઉચ્ચત્વ અને નીચપણું પ્રત્યેક જીવને પ્રાપ્ત થાય છે. માટે પુનઃ પુનઃ હૃદયમાં વિવેકદૃષ્ટિથી વિચારી સર્વ જીવોપર સમાન બુદ્ધિથી જોવી સર્વનું ભલું કરવાની બુદ્ધિ ધારી મૈત્રીભાવનાની પુષ્ટિથી આત્માનંદ સાધશો.

ચોર, નફટ, લુચ્ચા, પાખંડી, બદમાશ, પાપી, દુષ્ટ, દુર્જન, નિર્દય, કપટી, હરામી, વગેરે શબ્દોથી તમો અન્ય

જીવોની લાગણી કદી દુઃખવશો નહિ. તમો એવા ખરાબ શબ્દો બોલીને બીજાનું ભલું કરી શકનાર નથી. તેમજ એવા ખરાબ શબ્દોથી ઉલટા, લોકો બોલનાર ઉપર શું દ્વેષ અને ક્રોધની લાગણીથી નથી જોતા ! હા અલબત્ત જુવે છે. જ્યારે એમ છે ત્યારે તમો ભૂલ્યા ત્યાથી ફરી ગણીને મિષ્ટ શબ્દોથી મનુષ્યપ્રતિ વર્તન ચલાવશો તો મૈત્રીભાવનાની પુષ્ટિ થશે.

અસંખ્ય રાજા, ચક્રવર્તિ, શેઠ, વગેરે થઇ ગયા અને થશે. કોઇ જગત્‌માં અમર રહેનાર નથી, વૃથા અહંત્વ અને મમત્વભાવથી તમારા આત્માને દુર્ગતિકૂપમાં નાખો છો. મિત્રજીવો !! તમારી મૂળસ્થિતિ જે બાહ્યમાં દેખાય છે તે નથી. તમો આત્માઓ છો, તમારૂં સ્વરૂપ ઓળખો, તમારા સ્વરૂપને ઓળખતાં સર્વજીવોના નજીક સંબંધમાં તમો આવશો, તમારૂં સ્વરૂપ જાણીને આચારમાં મૂકવાથી તમારી ઉન્નતિ તમો કરી શકશો.

હે ભવ્ય આત્માઓ ! તમો અનેક પ્રકારના જુદા જુદા દેહમા રહી ગતિયોગ્ય પ્રાણોને ધારણ કરો છો, ભૂતકાલમાં તમારા પ્રાણને દુભવ્યા હોય, વર્તમાનમા દુભવતો હોઉં તો તેની ક્ષમા ઇચ્છું છું. ભવિષ્યકાળમાં કોઇ પણ જીવને અશાતા ઉત્પન્ન કરવાનો મારો પરિણામ નથી.

હે જગતના જીવો ! તમો મારી તરફ ગમે તે ભાવથી જુઓ, મારે તો શુદ્ધ વિચારદ્વારા આત્મોન્નતિમાં વર્તી તમારા સંબંધી એક પણ ખરાબ વિચાર કરવાનો નથી; શુદ્ધ સ્વભાવે આત્માનો પ્રકાશ એજ ઉત્તમ ફળ ગણું છું.

જગતમાં કર્મયોગે વસનારા જીવો !! ઉપકારક્ષમા અને અપકારક્ષમાના કરતાં ધર્મક્ષમા ઉત્તમ જાણશો. ક્ષમાના

ભેદોનું સ્વરૂપ સદ્ગુરુદ્વારા સમજી આત્મકલ્યાણમાં પ્રવૃત્ત થશો, ખરેખર આત્મોન્નતિનો સરળ ઉપાય ધર્મક્ષમા છે.

જગત્ના જીવો ! ! તમે સર્વ મારા મિત્રો છો, તમારૂં હિત ચિંતવવું તેવી મૈત્રીભાવના તમારા પ્રતિ નિષ્કામભક્તિથી રાખું છું.

પરસ્પરોપગ્રહોજીવાનામ્. જીવોનો પરસ્પર ઉપકાર છે; જગજ્જીવોનો પણ આ આત્મા ઉપર ઉપકાર થયો, થાય છે અને થશે, માટે મારે પણ સર્વજીવ પ્રતિ ઉચ્ચ ભાવના રાખવી એવો મૈત્રીધર્મ છે. અને તમારા પ્રતિ રાખેલી ઉચ્ચ ભાવનાનું ફળ મને થાય છે અને તેથી હું ઉચ્ચ કોટી ઉપર આવું છું. રાગ અને દ્વેષરૂપ નીચ ભાવનાથી જીવો નીચ કોટીમાં પ્રવેશ કરે છે. માટે સત્તાથી સિદ્ધ સમાન વ્હાલા જીવો ! ! તમો નીચ ભાવનાથી નીચ કોટીમાં છો. માટે મિત્રની હિત શિક્ષા હૃદયમાં ધારણ કરી રાગદ્વેષના વિચારોને મનમાંથી દૂર કરો પરસ્પર એક બીજાની સાથે ભ્રાતૃભાવથી વર્તો, ભ્રાતૃભાવને ધાર્યા વિના તમારા હૃદયમાં સમતા ઉત્પન્ન થવાની નથી. સર્વજીવોને પોતાના સમાન ધર્મવાળા જાણી વેરઝેરના અશુભ બંધનોનો નાશ કરો. કોઇ કોઇનો શત્રુ નથી. કર્મયોગે સુખદુઃખ થાય છે. કોઇ તમારૂં બગાડવા સમર્થ નથી. જો પુણ્યનો ઉદય હશે તો તમારો કોઈ વાંકો વાળ કરવા સમર્થ નથી. શુભાશુભ કર્મના યોગે બીજા જીવો તો સુખ દુઃખમાં નિમિત્ત માત્ર થાય છે. માટે કોઇને શત્રુ ધારશો નહિ. કોઇ જીવ તમારૂં બૂરૂં કરે છે તેમાં તેનો વાંક નથી પણ તેના આત્માને પીડનારી દુર્મતિનો વાંક છે. લોક સદ્ગુણને ભૂત માન્યું અને તે [illegible] ડરે છે, [illegible] છે,

કોઈનું વાસણ ભાગી નાખે તેમાં પેલા ભૂતનો વાંક છે, તેમ મનુષ્યને રાગદ્વેષ થાય છે તેમાં મોહરૂપ ભૂતના રાગદ્વેષ પુત્રોનો વાંક છે, પણ મનુષ્યના આત્માનો વાંક નથી. માટે ભવ્યાત્માઓ!! વિચાર કરો કે તમો કોના ઉપર ક્રોધ કરો છો? આત્મા ઉપર તો ક્રોધ કરવો યોગ્ય નથી. કારણ કે તેનો તો શુદ્ધ સ્વભાવ છે. પોતાને લાગેલા રાગદ્વષને દુર કરશો તો સર્વ જગત્ મિત્ર સમાન ભાસશે. વળી કહ્યું છે કે,

देखे सो चेतन नहिं, चेतन नहिं देखाय.
रोस तोप किससुं करे, आपहि आप बुजाय ॥१॥

હે આત્મા તું કોના ઉપર ક્રોધ કરે છે? જેને તું દેખે છે તે તો ચેતન નથી અને ચેતન તો દેખતો નથી. માટે પોતે સમજી લે, રાગદ્વષથી નિર્મલ આત્માઓને પણ પ્રાણી અનિર્મલ ધારે છે. માટે રાગદ્વષનો હે ભવ્યમિત્રો!! ત્યાગ કરો. દૃષ્ટિદોષે દોષ દેખાય છે.

બીજા મનુષ્યો સિદ્ધ સમાન નિર્મલ છે એમ સંગ્રહ નયની દૃષ્ટિથી વિચાર કરો, બીજાના ગુણ અને દોષ જોવાના કરતાં હે ભવ્યજીવો!! પોતાના આત્માના અસંખ્યપ્રદેશમાં દૃષ્ટિ સ્થાપીને ઉત્પાદ વ્યય ધ્રુવતાનું ધ્યાન કરો. તમારી ઉન્નતિ તમારાથી થશે. આત્મશ્રદ્ધા, આત્મબળ, આત્મભક્તિ, આત્મધ્યાનથીજ તમો પરમાત્મપદને સહજમાં પ્રાપ્ત કરશો.

હે ભવ્ય જીવો! વ્હાલાઓ! જરા સમજો—તમો સુખને માટે રાત્રી અને દિવસ ગદ્ધાંવૈતરૂ કર્યા કરો છો, તન મન અને વાણીથી અનેક જાતના ઉદ્યમો કરો છો, સુખને માટે સમુદ્રમા શિરસાટે રહો છો, સુખને માટે ખાણોમા ઉતરો છો, સુખને માટે બીજાની ગુલામગીરી કરો છો,

શુદ્ધસ્વરૂપમાં રમશો તો ગાઢનિદ્રાની પેઠે આ દેખીતી જંજાળ તેમજ દેહાધ્યાસ પણ ભૂલાશે.

ભવ્ય જીવ મિત્રો ! ! તમો કોઇ પણ જીવ ઉપર ઉપકાર કરો તો સામો તે જીવ મારા પ્રતિ નમ્ર રહે, વા મારા ઉપકાર તળે દબાય, વા મારૂં તે સારૂં કરે એવી સકામ વૃત્તિથી નહિ કરતાં નિષ્કામવૃત્તિથી અન્યજનોનું ભલું કરતાં પરમાત્મકળા પ્રકટ કરશો. ધારો કે મારૂ ભલું કરશે, એવી બુદ્ધિથી કોઇને તમે લક્ષ્મી ખર્ચી ભણાવ્યો, પશ્ચાત્ તમારા અને એના વિચારમાં મતભેદ પડયો. તમારૂં કહેલુ વચન તેણે સ્વીકાર્યું નહિ ત્યારે તમે તેના ઉપર ગુસ્સે થાઓ છો અને બબડો છો કે ભોગ લાગ્યા કે મેં એને ભણાવ્યો. નકામો મારી લક્ષ્મીનો વ્યય થયો. એમ વિકલ્પસંકલ્પ કરી પશ્ચાત્તાપ કરો છો અને ઉપકારનુ ફળ હારી જાઓ છો, માટે ઉપકાર લેવાની બુદ્ધિ આદિ સકામવૃત્તિ નહિ રાખતા નિષ્કામવૃત્તિથી કોઇને ધન ખર્ચી ભણાવશો અને તે કદાપિ કોઇ વખતે તમારા સામો થાય તો પણ તમારા મનમા કંઈ પણ લાવવુ નહિ પણ તેવા પ્રસંગે વિચાર કરવો કે મેં તો મારૂં કાર્ય બજાવ્યુ, એ જીવના ખરાબ વિચાર થાય, વા મારા સામો થાય તેમા તેની ભૂલ છે એ પણ ભૂલ કોઇના સારા સદ્‌વાસથી વા આત્મજ્ઞાનથી છૂટો અને એ જીવ ઉચ્ચ કોટી ઉપર આવો—એમ વિચાર કરવાથી ઉપકારી જીવ—નિષ્કામવૃત્તિથી અંતર્મુખ દૃષ્ટિ વાળી અનંત શક્તિઓનો પ્રકાશ કરવા સમર્થ થાય છે. જલપંકજવત્ અંતઃકરણથી ન્યારા રહી સંસારના કાર્ય કરતા છતા પણ પ્રતિદિન ઉચ્ચ કોટી ઉપર ચઢશો અને પરમાત્માની સંપૂર્ણ કળાને પ્રકટ કરશો; આ કુંચી તમારા હાથમા છે, વિચારથી આચારમા મૂકવા ક્ષણે ક્ષણે પ્રવૃત્તિ કરો.

હે ભવ્યમિત્રો ! આત્મસુખની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરો. બાહ્યભાવમાં માંકડાની પેઠે કૂદતી એવી મનોવૃત્તિ કબજે કરો. આત્મજ્ઞાનથી સ્વાત્મસામર્થ્યના વેગથી ક્ષણે ક્ષણે મનોવૃત્તિનો સંયમ કરો, અંતર્મુખ દૃષ્ટિ વાળતાં મનોવૃત્તિનો અંતે લય થશે. મન શાંત થતાં આત્મ જ્યોતિનો પ્રકાશ થશે.

હે ભવ્યજીવો !! તમો જરા વિચારશો તો માલુમ પડશે કે, આત્મા અનાદિકાળથી રાગદ્વેષના યોગે સંસારચક્રમા ભમ્યા કરે છે, હવે મનુષ્યભવમાં રાગદ્વેષના વેગને જો ટાળવામા નહિ આવે તો સંસારમાં પરિભ્રમણ કરવાનું ટળનાર નથી, માટે ખરેખર ચેતવાનો સમય છે. **જીવડા ચેતી લે ચટપટમા, ખુંચ્યો શું ખટપટમાં**—આ વૈરાગ્ય વાક્યનું સ્મરણ કરી ક્ષણે ક્ષણે આત્મપ્રભુનુ નવધાભક્તિથી સેવન કરો, નવધાભક્તિથી ખુશી થએલ આત્મા અનંતશક્તિઓનો પ્રકાશ કરશે અને તે પરમાત્મા કહેવાશે. પોતાના સામર્થ્યથી આત્મધર્મમા ઉદ્યમ કરો, ખરેખર અનંત સુખના ભોક્તા થશો. દરેક જીવોને દેખી ભ્રાતૃભાવનો સંબંધ કરો. સર્વ જીવો પોતાના બંધુ છે એવી ભાવના થતા વૈરઝેરની મલિનતા હૃદયમાંથી નીકળી જશે. સર્વ જીવો પોતાના બંધુ છે ત્યારે હું કોને મારૂં? અલબત્ત કોઇને નહિં. શુદ્ધ પરમ ભાવનામા પ્રવેશ કરવાને ભ્રાતૃભાવની દૃષ્ટિથી સર્વ જીવોને નિહાળો !! ક્ષણે ક્ષણે ફરતા, રમતા, ખાતાંપીતા, ઉઠતા-બેસતાં, કાર્ય કરતા પણ સર્વ જીવો મારા આત્મસમાન છે, અર્થાત્ તે મારા ચૈતન્યશક્તિની સમાન જાતીય બંધુઓ છે, એવો નિશ્ચય ધારણ કરો. ખરેખર પરમાત્માની પૂર્ણ સ્થિતિને પ્રાપ્ત કરવાનો આ સરળ ઉપાય છે—

હે ભવ્યમિત્રો !! તમે જગતને કેવી દૃષ્ટિથી દેખો છો

તે દેખાશે; શોકવાળા પુરૂષને શોકવૃત્તિથી જગત્ શોકમય ભાસે છે, વિરહિણી સ્રીને વિરહવૃત્તિથી જગત્ વિરહમય લાગે છે, ક્ષણિક વૃત્તિની ભાવનાથી જગત્ ક્ષણિક લાગે છે; જેવી વૃત્તિ તેવું જગત્ ભાસે છે. જેવી દૃષ્ટિ તેવું જગત્ દેખાય છે. ધંતુરો પીનારને જગત્ પીળું ભાળે છે, નિર્મળ આંખવાળાને જેવું જગત્ હોય છે તેવું ભાસે છે. લાલ, ઉદાં, પીળાં, આદિ ઉપાધિવાળાં ચશ્માથી દેખતાં પદાર્થનો ભાસ પણ ઉપાધિમિશ્રિત થાય છે, તેમ રાગ અને દ્વેષાદિ રૂપ ઉપાધિથી;દેખનારને જીવો પણ ઉપાધિમિશ્રિત દેખાય છે, માટે સમતાભાવ ધારણ કરી શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિથી સર્વ પદાર્થોનું સ્વરૂપ જોશો તો જેવા પદાર્થ હશે તેવા દેખાશે, તેમ જગતનાજીવો પણ સર્વ નિર્મલ દેખાશે, અને તેથી રાગદ્વેષની ઉપાધિનો નાશ થશે અને અંતે કેવલજ્ઞાન અને કેવલદર્શનને પ્રાપ્ત કરી સચ્ચિદાનંદ સુખના ભોક્તા બનશો અને સાદિઅનંતમે ભાગે ,મોક્ષસ્થાનમાં વાસ કરશો.

હે ભવ્યો !! સમજશો કે, આત્મા તેજ પરમાત્મારૂપ છે. પોતાના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરતાં સર્વ કર્મ બળીને ભસ્મીભૂત થતાં પરમ મહોદય સ્વરૂપી આત્મા થાય છે. કહ્યુ છે કે—

अयमात्मैव चिद्रूपः, शरीरी कर्मयोगतः
ध्यानाग्निदग्धकर्मा तु, शुद्धाऽऽत्मा स्यान्निरंजनः ॥१॥

આત્મા કર્મના યોગે ઔદારિક, વૈક્રિય, આહારક, તેજસ અને કાર્મણ શરીરને ધારણ કરે છે. ધ્યાનરૂપ અગ્નિથી જ્યારે અષ્ટકર્મને બાળી નાંખે છે, ત્યારે તે નિરંજન પરમાત્મા કહેવાય છે.

તમો સર્વજીવો !!! સત્તાએ પરમાત્માઓ છો, તેથી કર્મ રજ દૂર થતાં પોતે પરમાત્મારૂપે પ્રકાશો છો. તમારી શક્તિનો પ્રકાશ જેમ જેમ તમે આત્માભ્યાસ વધારો છો તેમ તેમ વૃદ્ધિ પામે છે.

હે ભવ્યાત્માઓ !! તમો ત્રણુભુવનમા સુખને માટે પરિભ્રમણ કરશો તોપણ તમને સુખ મળનાર નથી. તમારા આત્મામાંજ સુખ છે, માટે ત્યા શોધો. તમારા અન્તરમાં ચિદાનંદ આનંદઘન અને મહાવીરના સદ્ગુણો ભર્યા છે. સદ્ગુણો ખીલવ્યા ખીલે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર–વીર્યાદિ અનંત ગુણનો ભંડાર આત્મા છે. આત્મજ્ઞાન થતાં ભ્રાંતિ ટળશે અને તમારી ઋદ્ધિ તમને મળશે.

હે પ્યારા, ચૈતન્ય શક્તિના અધિષ્ઠાતાઓ, તમો સર્વત્ર શુદ્ધ ભાવનાથી દેખ્યા કરો, તમારી શુદ્ધ ભાવના અલ્પ સમયમા તમને પરમાત્મદર્શન કરાવશે,–પોતે મૂળ સ્વભાવે આત્મા શુદ્ધ છે જેથી તેવો પ્રકટપણે થાય એમા શું આશ્ચર્ય છે? આશ્ચર્ય તો એ છે કે, પોતે ચેતન છતાં જડ વસ્તુનો સંગી થઇ પોતાનું ભાન ભૂલ્યો, પોતાના સ્વરૂપનું જ્ઞાન થતા જડ વસ્તુથી આત્મા ભિન્ન થાય તેમા કંઇ પણ આશ્ચર્ય નથી. અનંત જીવો [illegible] કરી શુદ્ધ સ્વરૂપી થયા છે તેમ આપણે પણ કરી શકીએ.

શુદ્ધ ભાવના અને અશુદ્ધ ભાવના એ બે ભાવનામાંથી ગમે તે પ્રકારની ભાવના તમો ભાવી શકો. વિષ અને અમૃત બન્ને તમારી પાસે છે; જેમાંથી ગમે તે તમે લઇ શકો. તમે [illegible] જે જે અંશે ઉત્પન્ન થયું છે તેને તમો [illegible] તે [illegible] ભાવનામાં વાપરી શકો. [illegible] અને [illegible] પ્રકાર [illegible] તમારી પાસે અંતરમાં અનંત [illegible]

ભાવનાથી આત્મા ઉચ્ચ થાય છે, માટે એમ ભાવના કરવી કે હું કદી પાખંડી છુંજ નહીં. તેમજ કદી નિર્ધનની ભાવના કરવી નહિ; જ્ઞાનાદિ અનંત ધનનો સ્વામી આત્મા છે, તેને કેમ નિર્ધન ગણાય? પૈસા નથી તેથી કોઇ આત્માને નિર્ધન છે એમ કહે તો તે સત્ય નથી. કારણ કે સોનું રૂપું વિગેરે પુદ્ગલધનથી તો આત્મા ત્રણ કાલમા ધનવાન્ છેજ નહિ. જડ વસ્તુને ધન કેમ કહેવાય? વ્યવહારમા જગત્‌ના લોકો ભ્રાંતિથી ગમે તેમ કહે, પણ જ્ઞાનીજીવ તો જ્ઞાન દર્શન ચારિત્ર, વીર્યાદિગુણને જ ધર્મ કહે છે, માટે આત્મિકધન તો સદાકાળ અંતરમા છે. તેથી હું અનંતધનનો અધિપતિ છું; એમ ઉચ્ચભાવના લાવવી કે જેથી પોતાનું ધન પ્રકટ થાય. મોહી અને દ્વેષીપણ આત્મા નથી. શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી જોતાં આત્મા મોહથી અને દ્વેષથી પણ ભિન્ન છે. માટે મોહની અને દ્વેષની નીચભાવના કદી કરવી નહિ; મોહથી અને દ્વેષથી રહિત હું છું; વસ્તુતઃ સર્વજીવો મોહ અને દ્વેષથી રહિત છે. માટે અન્યજીવો પ્રતિ પણ ઉચ્ચ ભાવના ભાવવાથી પરમાત્મસ્વરૂપને તમે પ્રાપ્ત કરશો. પરમાત્મસ્વરૂપી થવાને માટે આવી ઉચ્ચભાવનાની કુંચીનો ક્ષણે ક્ષણે ઉપયોગ કરશો તો થોડા દિવસમાં-અલ્પમાસમા તમારૂં જીવન ઘણું સુખમય લાગશે અને આત્માએ ઉચ્ચકોટી પ્રાપ્ત કરી છે, અને તે આગળ વધતો જાય, એવો તમને અનુભવ થશે.

હે ભવ્યાત્માઓ! તમે આત્મશ્રદ્ધામાં દૃઢ રહો; જેમ જેમ આત્મશ્રદ્ધા દૃઢ તેમ તેમ વૈરાગ્યનું જોર વધશે. આત્મશ્રદ્ધા તમને ઉચ્ચકોટી ઉપર મૂકશે, આત્મશ્રદ્ધાથી સત્ય વિવેક પ્રકટ થશે, આત્મશ્રદ્ધાવિના કોઈ [illegible] ધર્મકૃત્યને પણ અંતઃકરણથી તમે નહિ કરી શકો; જ્યારે આત્મશ્રદ્ધા પ્રકટ

થશે ત્યારે આત્મપ્રેમ જાગૃત થશે, આત્મપ્રેમથી સર્વ જીવોની સાથે મૈત્રીભાવના દૃઢ થશે.

સર્વ દુનિયાની વસ્તુનો એક ઠેકાણે રહીને પ્રકાશ કરનાર આત્મા છે, સૂર્યનો પ્રકાશ નિયમિત ક્ષેત્રમાં પડે છે, અને ચંદ્રનો પ્રકાશ પણ નિયમિત ક્ષેત્રમાં છે. સૂર્ય અને ચંદ્રના પ્રકાશથી અરૂપી વસ્તુ જણાતી નથી, પણ આત્માના જ્ઞાન પ્રકાશથી તો અરૂપી પદાર્થ પણ જણાય છે; સૂર્ય અને ચંદ્રના પ્રકાશથી આત્માને દેખી શકાતો નથી અને આત્માના જ્ઞાન અને દર્શનના પ્રકાશથી તો સૂર્ય ચન્દ્ર વિગેરે લોકાલોકને જાણી દેખી શકાય છે, કરોડ સૂર્ય ઉગે તો પણ આત્માને, પ્રકાશી શકતા નથી, અને આત્માના અંશ માત્ર જ્ઞાનથી સૂર્ય ચંદ્ર જાણી શકાય છે. આત્માની જ્ઞાનજ્યોતિ ભિન્ન અને અદ્ભુત છે, કહ્યું છે કે—

चंद्रभानु कोटी उगे, करे प्रकाश अपारजी,
तेहथी पण आत्मज्योति, जुदी अनंती धार,
जीवडा झगमगे छे ज्योति तारी, असंख्यप्रदेशेकरी ॥२॥
तेजनुं पण तेज ए छे एहमां सर्व समायजी
लटालटी नहि एहमां वंद, ज्ञानिथी परखाय,
जीवडा झगमगे छे ज्योति तारी, असंख्यप्रदेशेकरी ॥३॥

અનંતવસ્તુનો પ્રકાશ કરનાર, બાદશાહનો બાદશાહ, રાજાઓનો રાજા, ત્રિભુવનનો ઉપરી, અજ, અમર, અવિનાશી, આત્મા તમારા પ્રત્યેકના શરીરમાં ભિન્ન ભિન્ન છે, શરીરમાં તે કાષ્ટમાં અગ્નિની પેઠે વ્યાપી રહ્યો છે, જેના વડે તમો સમજી શકો છો, સારૂં ખોટું પારખી શકો છો તે આત્માને ઓળખો, શરીરમાં જ છે, તેનું રૂપ જુઓ. શ્રી વીર પરમાત્માએ તેનું યથાર્થસ્વરૂપ વર્ણન કર્યું છે, તેમના વચનદ્વારા અંતરમાં

શોધો, જે જ્ઞાનવડે તમે આત્માને શોધવા ધારો છો, તે જ્ઞાન પણ આત્માના અસંખ્યાત પ્રદેશોમા રહે છે, પોતે જ્ઞાતા છે, અને પોતેજ જ્ઞાનમા જ્ઞેયરૂપે ભાસે છે; મનુષ્ય જન્મમાં આત્માનું સ્વરૂપ પ્રાપ્ત કરવાનો સમય છે, આત્મામાં ધર્મ છે પણ વસ્તુમાં ધર્મ નથી. ગંગા, ગોદાવરી, કાશી, પ્રયાગ, યમુના વગેરે ઠેકાણે ભટકવાની શી જરૂર છે? જલ અને માટી તીર્થ નથી. આત્મા તેજ તીર્થ છે. અનંત શક્તિના સ્વામી તમે પોતેજ છો. પોતાનાથી ભિન્ન આત્મા નથી, કર્મ આવરણનો પરદો ચીરી નાખી આત્માનું દર્શન કરો!! દર્શન કરો! દર્શન કરો!

હે ભવ્યો, વીજલી, તાર, વિગેરે કરતા પણ આત્માનું સામર્થ્ય અનંતગણું વિશેષ છે આત્માના સામર્થ્યની તુલના થઇ શકતી નથી, અનંત બળનો ધણી આત્મા છે. આત્મવીર્યના બે ભેદ પડે છે, એક ક્ષાયોપશમિક આત્મવીર્ય અને બીજું ક્ષાયિકવીર્ય. તેમાં ક્ષયોપશમવીર્ય [illegible] તે મતિજ્ઞાન [illegible] વીર્ય કહેવાય છે, તેનો બાહ્યભાવમાં [illegible] કર્મો [illegible] કરે છે, અને તેજ વીર્ય, [illegible]

તેવા પ્રકારનાં કર્મ ગ્રહણ થાય છે, અને ક્ષયોપશમીય વીર્ય શક્તિ દ્વારા અંતરમાં ધ્યાનથી ઉતરી યોગની ચંચલતાને રૂંધી સ્થિરોપયોગમાં દશમા દ્વારે રમે છે, અને ત્યાં નિશ્ચલ ધ્યાનથી જેટલા પ્રમાણમાં રમણતા કરે તેટલા પ્રમાણમાં કર્મવર્ગણાઓ ખરતી જાય છે. આત્માના ગુણો તે તે અંશે નિરાવરણ થઈ પ્રકાશ કરે છે. શ્રી આનંદઘનના શ્રી મહાવીર સ્વામીના સ્તવનમાં ટબાકાર શ્રી જ્ઞાનવિમલસૂરિ દશમાદ્વારે આત્માને સ્થિર કરવાનું કહે છે; એમ ધ્યાનની વીર્યશક્તિ યોગે મતિજ્ઞાનના સ્થિર ઉપયોગથી આત્મસ્વરૂપમાં સ્થિરતા થવાથી આત્મામાં કર્મની વર્ગણાઓ પેસી શકતી નથી, અને ધ્રુવતાના યોગે આત્માના સુખનો અનુભવ આવે છે, તેમજ શુકલધ્યાન દ્વારા ઘાતી કર્મ ખપાવી આત્મા અનંત શક્તિ પ્રાપ્ત કરે છે; ક્ષાયિકભાવીય અનંત વીર્યશક્તિ છે તે પુદ્ગલમાં પરિણમતી નથી; ક્રમે ક્રમે આત્મા કર્મથી દૂર થાય છે. સર્વ સંગપરિત્યાગની આ સ્થિતિ છે. આવી આત્મશક્તિ આત્મામાં ગુપ્ત છે; અરણિકાષ્ઠનું મથન કરતાં જેમ અગ્નિ પ્રકટ થાય છે તેમ આત્મધ્યાનની સ્થિરતાથી અનંત વીર્યશક્તિ પ્રકટ થશે. અંતરમાં શોધો. આત્મશ્રદ્ધાથી સ્વસ્વરૂપમા સ્થિર રહો.

હે આત્માઓ ! પર પુદ્ગલદશાના યોગે તમે પરતંત્રતાની બેડીમા પડ્યા, અને તેથી સંસારી કહેવાઓ છો, પરપુદ્ગલ રમણતાના યોગે અનંત અનંત કર્મની વર્ગણાઓ સમયે સમયે ગ્રહણ કરો છો, અને તેથી ચોરાસીલાખ જીવયોનિમાં અનંતીવાર ભટકવુ પડ્યુ. હજી પણ ભવ્યાત્માઓ ચેતો !! ગયો વખત પાછો આવનાર નથી, આજકાલ કરતાં આયુષ્ય ખૂટે છે. પરતંત્રતાની બેડીમાં રાજા રાણા બાદશાહ ચક્રવર્તિ સુરપતિ પણ પરતંત્ર છે.

સ્વતંત્ર નથી; જ્યાંસુધી પોતાના આત્માને સ્વામી કર્યો નથી, ત્યાંસુધી ચક્રવર્તિ, સુરપતિ પણ અનાથ છે—રાગદ્વેષરૂપ મહા-મલ્લોએ આત્માને કબજે કર્યો છે. એવાઓ ભલે શેઠ, રાજા, બાદશાહ કહેવાય, પણ તેઓ પરભાવમા વિશેષ મગ્ન હોવાથી વિશેષ પરતંત્ર છે. કેદમાં પડેલા મનુષ્યો જેમ પરતંત્ર છે તેમ રાજા પણ પરતંત્ર છે. પંચેન્દ્રિયની પરતંત્રતા જે ભોગવે છે તે કદી સુખી હોતા નથી, ઈન્દ્રિયોના આધીન જેનુ સુખ છે તે પરતંત્ર કહેવાય છે. વિકલ્પસંકલ્પવાળા મનના કબજામાં જે પડેલા છે તે પણ પરતંત્ર છે; ચાર ગતિમા પરિભ્રમણ કરાવનાર મન છે. મૂળ તો વાનર કરતા અતિ ચંચળ મન છે, તેને મોહરૂપ દારૂ પાયો, અને તેને સ્વેચ્છારૂપ નિસ-રણી આપી ત્યારે ને કુદવામા ખામી રાખે નહિ—એવા મનના વશમા રહેલા લોકીઆઓ રાત્રીદિવસ હાયવરાળ કરે છે, રોડે છે, ભમે છે, હસે છે, રૂવે છે, ખુશી થાય છે, વળી તેવા ચંચળ મનના તાબે રહેનાર રાજાઓ, દોરદોર કરી મૂકે છે, અભિ-માનના છાકમા ચઢાનઢા બેઠે છે પ્રજા ઉપર અનેક પ્રકારના જુલમ કરે છે. ત્રાસ આપે છે, અને જાણે છે કે અમે સ્વતંત્ર છીએ પણ તે મનના વશ પડી પામર જેવી દશા કરે છે—એ વ તેઓ ભૂલી ગયા છે. અનંત શક્તિવાળો આત્મા કર્મના યોગે પરતંત્રતાની બેડીમા પડેલ છે. સ્વતંત્રતાની ઉમેદ રાખવાના અનેક [illegible] છે [illegible] ઇન્દ્રિયો [illegible] વિચારથી [illegible] છે, તે [illegible] કરી સ્વતંત્ર થાય છે. સ્વતંત્ર થઈ [illegible] તેને [illegible] જ્ઞાની [illegible] કહેવાય છે માટે તેવું સ્વતંત્ર [illegible].

આત્મશક્તિ પ્રકાશ કરવાના ઘણાં પુસ્તક વાંચીએ છીએ, સાંભળીએ છીએ, ત્યારે મનમાં એમ આવે છે કે સર્વ શક્તિઓનો પ્રકાશ થાય તો સારૂં, પણ વાચ્યા ને સાભળ્યાબાદ આત્મશક્તિયોનો પ્રકાશ કરવાને કંઇપણ કરવામાં આવતું નથી, જેથી પ્રકાશ થતો નથી.

આત્મશક્તિયોનો પ્રકાશ કરવા માટે પ્રતિદિન ઉચ્ચભાવના રાખવી, અન્તર્મુખતા રાખવી. પરમાત્માભક્તિમાં લીન થવુ, ઉપાધિનો નાશ કરવો, સમભાવ રાખવો—ઇત્યાદિ ઉપાયોને આચારમાં મૂકવામાં આવે તો અંતે સર્વ શક્તિયોનો પ્રકાશ થાય છે. સતત ઉદ્યમના બળથી અનેક કાર્યની સિદ્ધિ થાય છે. અનેક મહાત્માઓએ સદુપાયોથી સર્વ શક્તિયો પકટાવી છે, હાલ પણ પ્રકટે છે, અને ભવિષ્યમા પ્રકટશે. આત્મા ધારે તે કરી શકે છે, આત્મપ્રયાસ જેના સન્મુખ થાય છે તેની તે સિદ્ધિ કરે છે; ભાગેલા ટાટીએ, દીન મુખે સદુપાયોને સેવવામા આવે તો આત્મશક્તિયોનો પ્રકાશ શી રીતે થઇ શકે? આત્મોત્સાહ, આત્મપ્રેમ અને ધૈર્યથી સદુપાયોને સેવવા જોઇએ. સદુપાયોથી સર્વ શક્તિયો પ્રકટ થશે, સમતાના ફળ મીઠા છે, હળવે હળવે સર્વ થશે. વડના બીજથી એકદમ કંઇ વડનું વૃક્ષ મોટું થતું નથી, હળવે હળવે થાય છે, પૂર્વભવનો ઉદ્યમ હોય તો આ ભવમા વિશેષ ફળ મળે છે કોઇ માણસે એક વખતે અરધો કૂવો ખોદેલો હોય તો તેને બીજીવાર જયાથી કૂવો ખોદવાનો બાકી હોય ત્યાંથી ખોદવાની જરૂર પડે છે, અને એક મનુષ્યને પ્રારંભથી કૂવો ખોદવો હોય તો વધારે કામ લાગે છે, તેમ અત્રે પણ સમજી લેવું [illegible] ભવના દૃઢ સંસ્કારવાળા જીવો સર્વ શક્તિયોનો

પ્રકાશ થોડા કાળમાં કરી શકે છે અને અને આ ભવમાંજ જેણે સદુપાયોનો પ્રયત્ન આદર્યો છે, તેને ઉત્કટ આત્મવીર્યનો વેગ ન હોય તો વધારે વખત લાગે છે, જો ફળની વાર લાગે તો સત્પુરૂષે સમજવું કે હજી વિશેષ સદુપાયોનો પોતાના વીર્યવેગથી ઉદ્યમ કરવો જોઇએ. ઉદ્યમી પુરૂષ અંતે કર્મનો પરાજય કરે છે, અને આત્માની અનંતઋદ્ધિ પ્રાપ્ત કરે છે, સદાકાળને માટે સુખી થાય છે, સહજાનંદપારાવારમાં ઝીલે છે.

આત્મશક્તિનો મહિમા અપરંપાર છે. અઠ્ઠાવીશ પ્રકારની લબ્ધિ વા પચાસ પ્રકારની લબ્ધિયો પામવી તે સર્વ શક્તિયો આત્માની છે. એક ઈન્દ્રિયથી પાંચ ઈન્દ્રિયોનું કામ કરવું એ પણ એક પ્રકારની આત્મશક્તિ છે; શ્રી ગૌતમસ્વામીએ એક પાત્રમાં પન્નરસેં તાપસોને ક્ષીરાન્ન ભોજન કરાવ્યું તે પણ આત્મશક્તિનો મહિમા છે; આત્મશક્તિથી શું થઇ શકતું નથી ? અલબત્ત સર્વ થઇ શકે છે. એક યોગી મહાત્મા, દુરાશિષથી હજારો મનુષ્યનો નાશ કરે છે, અને તેજ યોગી મહાત્મા સારી આશિષથી હજારો મનુષ્યનું ભલું કરી શકે છે, આત્મશક્તિયોના અનેક પ્રકારના ભેદ છે જડ પદાર્થોમાં એવી કોઇ શક્તિ છે નહિ કે તે આત્મશક્તિની તુલના કરી શકે; આત્મશક્તિ આગળ દેવતા પાણી ભરે છે, શ્રી સનત્કુમારચક્રવર્તિ ઋષિરાજને તપશ્ચર્યા કરતાં [illegible] લબ્ધિ [illegible] પણ થઇ [illegible] રોગ મટાડવા [illegible] ની આત્મ[illegible]

પૂર્ણતા સિદ્ધભગવાનોને હોય છે. પેટીમાં અનેક પ્રકારના રત્ન ભર્યાં હોય અને તાળું માર્યું હોય અને પેટી ઉપર એમ લખ્યું કે-આ પેટીમાં અમૂલ્ય રત્નો ભર્યાં છે-એમ સર્વ વાંચી આનંદ પામે, પણ જ્યાં સુધી તાળું ઉઘાડયું નથી ત્યાં સુધી કોઇ તે ધનને પ્રાપ્ત કરતું નથી; કોઈ વિચક્ષણ ગમે ત્યાંથી તાળું ઉઘાડવાની કુંચી પ્રાપ્ત કરે અને તાળું ઉઘાડે તો તેને ધન મળે છે. તેમ અત્રે પણ સમજવાનું કે, આત્મારૂપ પેટીમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય આદિ અનંતગુણરૂપ રત્નો ભર્યાં છે. અજ્ઞાન-મિથ્યાત્વરૂપ, આત્મપેટીને તાળું માર્યું છે, પરંતુ ભેદજ્ઞાનની ગમરૂપ કુંચી જે પ્રાપ્ત કરે છે તે તાળું ઉઘાડી આત્મપેટીમા ભરેલા રત્નો દેખે છે. પશ્ચાત્ તે કર્મમેલ નિવારી સદ્‌ગુણરત્નોની શુદ્ધિ કરે છે. તેથી તે આંતરસુખનો ભોક્તા બને છે, તે સંબંધી કહ્યું છે કે—

> रत्नभरेली पेटी पारखीरे आतमा,
> ताळां खोलीने धन देखीयुं वैरागी,
> आत्मारे मनप्यारा, लागीरे तारी प्रीतडी वैरागी.
> योगीरे यतिजन तने शोधतारे आतमा—
> गुणो अविनाशी केरा गायरे, वैरागी आतमा०

અનંતશક્તિના ભંડાર હે આત્મન્! તુંજ આરાધ્ય-પૂજ્ય છે-આત્મશક્તિનુ અપરિમિત બળ ચઉદભુવનમાં પ્રખ્યાત છે. આત્માની અનંત શક્તિનો ભોક્તા આત્મા છે, શુદ્ધ નિશ્ચયનયથી સર્વ આત્માઓ અનંતશક્તિના ભોક્તા છે, કર્માચ્છાદનથી સંસારીઆત્માઓ પરતંત્ર છે; જ્યારે કર્મનો નાશ થાય છે, ત્યારે આત્મા સ્વતંત્ર બને છે. શુદ્ધ સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે હે ભવ્યાત્માઓ! અનંત શક્તિ ખીલવો, પ્રતિદિન અભ્યાસથી

આત્માની શક્તિ ખીલે છે; જે જે આત્માઓ સદ્‌ગુરુગમ પામીને અભ્યાસ કરે છે તે તે આત્માઓ શક્તિયો ખીલવી શકે છે. બીજના ચંદ્રની પેઠે આત્માની શક્તિ ક્ષણે ક્ષણે વૃદ્ધિ પામે છે. સંપૂર્ણ કલાથી વૃદ્ધિ પામીને આત્મા લોકાલોકમાં સદાકાળ પ્રકાશ કરશે: અન્ય દેવતાઓને સાધીને વશ કરવામાં જેટલો પ્રયત્ન કરો છો, તેટલો પ્રયત્ન આત્મદેવની આરાધનામાં થાય તો કોઈ બાબતની ખામી રહે નહિ. ચમત્કારનું ઘર આત્મા છે. આત્માની શક્તિયો આગળ [illegible] નથી. આત્મશક્તિનો પ્રકાશ કરનાર યોગિરાજને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. જે જે પુરુષો ચમત્કાર દેખાડે [illegible] તે પુરુષો આત્મશક્તિના કોઈ પણ અંશથી ચમત્કાર દેખાડે છે. ચમત્કાર ત્યાં નમસ્કાર. આ નિયમની ખાત્રી આત્મશક્તિપ્રકાશથી થાય છે. આત્મશક્તિની શ્રદ્ધાવાળાને આ બાબતનો [illegible] છે. આત્મશક્તિની શ્રદ્ધાથી સ્વપરમાર્ગમાં જતી [illegible] છે. ધ્યાનયોગનિષ્ઠ સત્પુરુષોના સમાગમથી આત્મશક્તિની [illegible] પામે છે; જ્યાં સુધી આત્મશક્તિની [illegible] તેનો [illegible] ત્યાં સુધી [illegible] થતી નહિ; ખરેખર [illegible] સર્વ [illegible] આત્મા છે.

સર્વ શક્તિની આત્મસ્વરૂપ [illegible] [illegible]

[illegible]

નકામું છે તેમ આત્મજ્ઞાન વિનાના ભણતરથી કંઇ સિદ્ધિ થતી નથી કહ્યું છે કે :—

पढना गुणना सबहि जूठा, जब नहि आतम पिछाना,
घर विना क्या जान तमासा, लूण बण भोजनकुं खाना.
अलख देशमें वास हमारा, मायासें हम हे न्यारा,
निर्मळ ज्योति निराकार हम, हरदम हस ध्रुवका तारा.

બાહ્યજ્ઞાનથી કંઇ આત્મશક્તિનો પ્રકાશ થતો નથી આત્મજ્ઞાનથીજ આત્મશક્તિનો પ્રકાશ થાય છે. આત્મજ્ઞાન તીવ્રદશા છે તેજ ચારિત્ર છે અને તેથી કર્મનો ક્ષય થ જાય છે, કહ્યું છે કે :—

जं अनाणी कम्मं, खवेइ बहुयाहिं वास कोडीहिं,
तं ना णीति हिगुत्तो, खवेइ ऊसासमित्तेण ॥१॥

આત્મજ્ઞાનથી ધ્યાન થાય છે, આત્મજ્ઞાનથી ધ્યાનની પરંપરામા અનંતસુખનો અનુભવ આવે છે, આત્મધ્યાનમાથી ચુકાય તો પણ પાછું આત્મધ્યાન કરવું જોઇએ. આત્મધ્યાનની સંતતિ તુટે તો પણ આત્મભાવનાથી ફરીથી જ્ઞાનીપુરૂષ સાધે છે. કહ્યું છે કે :—

श्लोक

आत्मानं भावयन्नाभि, र्भावनाभिर्महामतिः
त्रुटितामपि संधत्ते, विशुद्ध्यानसंततिम ॥१॥

આત્મજ્ઞાનથી આત્મધ્યાન ધરવું જોઇએ. ધ્યાન એ અંતરચારિત્ર છે. ધ્યાનીએ પુનઃ પુનઃ લક્ષ્યમાં આ વાત રાખવાની છે, તે એ છે કે ક્રોધાદિક પ્રસગે પણ હૃદયમાં ક્રોધ ધારણ કરવો નહિ કારણ કે, ક્રોધ કરવાથી પૂર્વ કોટી વર્ષ પર્યંત પાળેલું ચારિત્ર નષ્ટ થાય છે.

जं अज्जियं चरित्तं, देसुणाएवि पुव्वकोडीए,
तंपि कसायमित्तो, हारेइ नरो मुहुत्तेण ॥१॥

કષાયને જીતી શાંત દાંત આત્માની ઉચ્ચ કોટિ પ્રાપ્ત કરવી જોઈએ. આત્માનું અનંતસુખનું આચ્છાદન કરનાર કષાય-પડદો છે, તેને ભેદીને અનંતસુખના ભોગી થવું જોઈએ. સંકલ્પવિકલ્પની પેલી તરફ આત્માનું નિર્વિકલ્પ સ્વરૂપ છે. સંતપુરૂષો નિર્વિકલ્પસ્વરૂપનો અનુભવ કરી અનંત સુખ પ્રાપ્ત કરે છે.

જ્ઞાનનયથી અને સપ્તભંગીથી આત્માની સવિકલ્પદશાનો અનુભવ થાય છે. આત્માના નિર્વિકલ્પ સ્વરૂપનો અનુભવ તો નિર્વિકલ્પદશામાં થાય છે. સવિકલ્પદશામાંથી નિર્વિકલ્પદશા સાધ્યદૃષ્ટિની પેલીપાર છે. સવિકલ્પ દશાના બે ભેદ છે, જ્ઞાનવાળી સવિકલ્પદશા અને ત્યાગ કરવા યોગ્ય બીજી અજ્ઞાનવાળી સવિકલ્પદશા જ્ઞાનવાળી સવિકલ્પદશાના પણ ઘણા ભેદ છે, ગીતાર્થ મુનિરાજોના સમાગમથી આ બાબતનું વિશેષ સ્વરૂપ સમજી શકાય છે નિર્વિકલ્પદશાનો કાળ અલ્પ છે. તેથી આત્મજ્ઞાનવાળી સવિકલ્પદશાનું અપ્રમત્તભાવે સેવન કરવું કે જેથી નિર્વિકલ્પદશામાં પુનઃ પુનઃ રમણતા થાય આત્મજ્ઞાનાર્થે જ્ઞાનનય અને સપ્તભંગીનું સ્વરૂપ સમજવું [illegible] સમ્યક્ત્વની સિદ્ધિ થાય છે [illegible] જોઈએ. [illegible] પ્રવેશ કરીને અપ્રમત્ત [illegible] અને [illegible] જ્ઞાની આત્મ[illegible] [illegible] અને [illegible] [illegible] છે. [illegible] અને [illegible] [illegible] અને તેથી [illegible] [illegible]

નકામું છે તેમ આત્મજ્ઞાન વિનાના બહુશ્રુતથી કંઇ સિદ્ધિ થતી નથી કહ્યું છે કે :—

पढना गुणना सबहि जूठा, जब नहि आतम पिछाना,
वर विना क्या जान तमासा, लूण विण भोजनकुं खाना·
अलख देशमें वास हमारा, मायासें हम हे न्यारा,
निर्मळ ज्योति निराकार हम, हरदम हस ध्रुवका तारा·

બાહ્યજ્ઞાનથી કંઇ આત્મશક્તિનો પ્રકાશ થતો નથી. આત્મજ્ઞાનથીજ આત્મશક્તિનો પ્રકાશ થાય છે. આત્મજ્ઞાનની તીવ્રદશા છે તેજ ચારિત્ર છે અને તેથી કર્મનો ક્ષય થઇ જાય છે, કહ્યું છે કે —

जं अनाणी कम्म, खवेइ बहुयाहिं वास कोडीहिं,
तं नाणी तिहिगुत्तो, खवेइ ऊसासमित्तेण ॥१॥

આત્મજ્ઞાનથી ધ્યાન થાય છે, આત્મજ્ઞાનથી ધ્યાનની પરંપરામાં અનંતસુખનો અનુભવ આવે છે, આત્મધ્યાનમાંથી ચુકાય તો પણ પાછું આત્મધ્યાન કરવું જોઇએ. આત્મધ્યાનની સંતતિ તુટે તો પણ આત્મભાવનાથી ફરીથી જ્ઞાનીપુરૂષ સાધે છે. કહ્યું છે કે :—

श्लोक

आत्मानं भावयन्नाभि, र्भावनाभिर्महामतिः
त्रुटितामपि संधत्ते, विशुद्धध्यानसंततिम् ।१।

આત્મજ્ઞાનથી આત્મધ્યાન ધરવું જોઇએ. ધ્યાન એ અંતરચારિત્ર છે ધ્યાનીએ પુનઃ પુનઃ લક્ષ્યમાં આ વાત રાખવાની છે, તે એ છે કે ક્રોધાદિક પ્રસંગે પણ હૃદયમાં ક્રોધ ધારણ કરવો નહિ કારણ કે, ક્રોધ કરવાથી પૂર્વ કોટી વર્ષ પર્યંત પાળેલું ચારિત્ર નષ્ટ થાય છે.

जं अज्जियं चरित्तं, देसुणाएवि पुव्वकोडीए
नपि कसायमित्तो, हारेइ नरो मुहुत्तेण ॥१॥

કષાયને જીતી શાંત દાંત આત્માની ઉચ્ચ કોટિ પ્રાપ્ત કરવી જોઈએ. આત્માનું અનંતસુખનું આચ્છાદન કરનાર કષાય-પડદો છે. તેને ભેદીને અનંતસુખના ભોગી થવું જોઈએ. સંકલ્પવિકલ્પની પેલી તરફ આત્માનું નિર્વિકલ્પ સ્વરૂપ છે. સંતપુરૂષો નિર્વિકલ્પસ્વરૂપનો અનુભવ કરી અનંત ગુણ પ્રાપ્ત કરે છે.

સાતનયથી અને સપ્તભંગીથી આત્માની સવિકલ્પદશાનો અનુભવ થાય છે. આત્માના નિર્વિકલ્પ સ્વરૂપનો અનુભવ તો શબ્દદૃષ્ટિની પેલીપાર છે. સવિકલ્પદશામાંથી નિર્વિકલ્પદશામાં જવાય છે. સવિકલ્પ દશાના બે ભેદ છે, જ્ઞાનવાળી સવિકલ્પદશા અને ત્યાગ કરવા યોગ્ય બીજી અજ્ઞાનવાળી સવિકલ્પદશા. જ્ઞાનવાળી સવિકલ્પદશાના પણ ઘણા ભેદ છે, ગીતાર્થ મુનિરાજોના સત્સમાગમથી આ બાબતનું વિશેષ સ્વરૂપ સમજી શકાય છે. નિર્વિકલ્પદશાનો કાળ અલ્પ છે. તેથી આત્મજ્ઞાનવાળી સવિકલ્પદશાનું અપ્રમત્તભાવે સેવન કરવું કે જેથી નિર્વિકલ્પદશામાં પુનઃ પુનઃ રમણતા થાય. આત્મજ્ઞાનાર્થે સાતનય અને સપ્તભંગીનું સ્વરૂપ સમજવું જોઈએ. સમ્યગ્જ્ઞાનથી સમ્યક્ચારિત્રની સિદ્ધિ થાય છે. આત્મજ્ઞાની આત્મચારિત્રમાં પ્રવેશ કરીને અપ્રમત્તદશાનો અનુભવ-સુખાસ્વાદ કરનાર યોગીઓ જાણે છે [illegible]

પૂર્ણશ્રદ્ધાના યોગે શુદ્ધ સ્વરૂપથી ચલાયમાન થતો નથી. તેમજ શાતાવેદનીયના યોગે અનેક પ્રકારની બાહ્યઋદ્ધિની પ્રાપ્તિ થાય તો પણ તેમાં આત્મજ્ઞાની રાચતો માચતો નથી. શાતાના અને અશાતાવેદનીયના ભોગોમાં આત્મજ્ઞાની લેપાતો નથી. આત્મસ્વરૂપમાં આત્મજ્ઞાની લયલીન થઇ રહે છે. ઓદયિકભાવના અનેક સંયોગો વચ્ચે પણ આત્મજ્ઞાની પોતાના સ્વરૂપમાં ઉપયોગવડે રમે છે. માટે સાતનય અને સપ્તભંગીથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. આત્મતત્ત્વોપાસક પ્રિય બન્ધુઓ! મારા અને તમારા આત્માઓ એક સરખા ધર્મવાળા છે. તમારામા અને મારામાં કશો ભેદ નથી. તમો અને હું ચૈતન્યધર્મવાળા છીએ. તમારા અને મારા શુદ્ધરૂપમાં કંઇ પણ ભેદ નથી. તમારી અને મારી સમાન જાતિ છે. તમારી અને મારી કર્મઉપાધિથી વિચિત્ર અવસ્થા દેખાય છે, તે કર્મજનિત વિચિત્ર અવસ્થાથી, કંઈ મૂળરૂપમાં ભેદ પડતો નથી. આત્માના શુદ્ધ ધર્મને સેવતા કર્મોપાધિ દૂર થાય છે. તમો જ્ઞાનાદિ અનંત ગુણવાળા છો અને હું પણ જ્ઞાનાદિ અનંત ગુણવાળો છું, તેથી હે આત્માઓ!! તમોને હું પ્રેમથી ભેટું છું. શુદ્ધ પ્રેમથી તમને ભેટતા સહજાનંદની ખુમારી પ્રકટે છે. હે જીવો! જીવત્વધર્મની અપેક્ષાએ તમારામા અને મારામાં કંઇ ભેદ નથી. હે ભવ્યાત્માઓ! જેવું મારૂરૂપ છે તેવુંજ તમારૂં રૂપ છે. જ્યારે શુદ્ધધર્મ તમારો અને મારો એક છે, ત્યારે તમો સર્વ જીવો મારા સત્ય મિત્રો છો, એમા શું કહેવું? તમારી સાથે મૈત્રીભાવથી વર્તી આત્માની શક્તિયે પ્રકટ કરવાનો ઉપાય તમને બતાવું અને તમારા આત્માપ્રતિ ભાવદયાથી વા ચૈતન્યભક્તિથી વર્તું એમા હું કંઇ વિશેષ પ્રયત્ન કરતો નથી. મિત્રનો ધર્મ છે કે

